શહેરની ચારેય દિશાના રક્ષક એવા નવનાથ મહાદેવના દર્શન કરી સાયકલિસ્ટોએ ધન્યતા અનુભવી

# મોટનાથ મહાદેવ ખાતે ભવ્ય પૂર્ણાહુતિ અને મહાઆરતી, ૧,૦૦૦ છોડનું વિતરણ

**શિવભક્તિમાં** લીન થઈ સંસ્કારીનગરી, વડોદરામાં ભવ્ય 'નવનાથ મહાદેવ સાયકલ યાત્રા-૨૦૨૬' સંપન્ન



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૩

શ્રાવણ માસના બીજા રવિવારે વડોદરામાં ભક્તિ, સ્વાસ્થ્ય અને પર્યાવરણપ્રેમનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ફતેગંજ બ્રિજ નીચેથી ભવ્ય 'નવનાથ મહાદેવ સાયકલ યાત્રા-2026'નું આયોજન કરાયું હતું. વડોદરા નવનાથોની નગરી તરીકે ઓળખાય છે અને શહેરમાં આવેલા નવ મહાદેવ મંદિરોની પરંપરાને ઉજાગર કરવા તેમજ યુવાનોમાં ધર્મ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી યાત્રા યોજાઈ હતી. પૂર્વ કોર્પોરેટર રૂપલબેન મહેતાના આયોજન હેઠળ યાત્રાનું પ્રસ્થાન પીપળેશ્વર મહાદેવના દર્શન બાદ કરાયું હતું.

યાત્રામાં 300થી વધુ ઉત્સાહી સાયકલિસ્ટો તેમજ દિવ્યાંગ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. 'હર હર મહાદેવ' અને 'જય શ્રીરામ'ના જયઘોષ સાથે યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. યાત્રા દરમિયાન ઋણમુક્તેશ્વર મહાદેવ અને ઠેકરનાથ મહાદેવ સહિતના નવનાથ મંદિરોમાં દર્શન કરી ભક્તોએ આશીર્વાદ મેળવ્યા હતા. ધાર્મિક આસ્થા સાથે યાત્રામાં સામાજિક અને પર્યાવરણીય સંદેશને પણ પ્રાધાન્ય અપાયું હતું. હરણી ખાતે આવેલા મોટનાથ મહાદેવ મંદિર ખાતે યાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અહીં ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. સાથે જ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે 1,000 છોડનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રાવણના પાવન અવસરે યોજાયેલી આ યાત્રાએ વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. ધાર્મિક પરંપરા, સ્વાસ્થ્ય જાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણને એકસાથે જોડતી આ યાત્રાએ 'ધર્મ સાથે પ્રકૃતિપ્રેમ'નો સુંદર સંદેશ આપ્યો હતો.

### અંતિમ સોમવારે કાવડ યાત્રા નીકળશે

શ્રાવણ માસના અંતિમ સોમવાર 31 ઓગસ્ટે વડોદરામાં નવનાથ મહાદેવ કાવડ યાત્રા સમિતિ દ્વારા કાવડ યાત્રાનું આયોજન કરાયું છે. સવારે 7 વાગ્યે સિદ્ધનાથ મહાદેવ મંદિરેથી શરૂ થનારી યાત્રા સાંજે 7 વાગ્યે જાગનાથ મહાદેવ ખાતે પૂર્ણ થશે. પવિત્ર નદીનું જળ ભરી નવનાથ મહાદેવના વિવિધ મંદિરોમાં પહોંચી ભગવાન શિવનો જલાભિષેક કરશે.

# ખોડિયારનગરમાં SMCનો સપાટો, 400થી વધુ પેટી દારૂ ઝડપાયો





**બોલેરોમાં** મોટા જથ્થા સાથે અન્ય વાહનો કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં સફેદ વુડા પાસે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ બાતમીના આધારે દરોડો પાડી બોલેરો ગાડીમાંથી 400થી વધુ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હોવાની માહિતી મળી છે. SMCની ટીમે દારૂ સાથે બોલેરો સહિત અન્ય વાહનો પણ કબજે લીધા છે.

પ્રાથમિક માહિતી મુજબ, સફેદ વુડા પાસે બોલેરો મારફતે દારૂનો જથ્થો ખસેડાઈ રહ્યો હતો. દરમિયાન SMCની ટીમે વાહન રોકી તપાસ કરતાં મોટી માત્રામાં દારૂ મળી આવ્યો હતો. આ કાર્યવાહીથી શહેરના ગેરકાયદે દારૂના નેટવર્કમાં ખળભળાટ મચ્યો છે.

દારૂનો જથ્થો કોનો છે અને ક્યાંથી આવ્યો હતો તે અંગે SMCએ તપાસ શરૂ કરી છે.

બાપોદ પોલીસ મથકની હદમાં આટલો મોટો દારૂનો જથ્થો ઝડપાતા સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. દારૂ ક્યાં પહોંચાડવાનો હતો અને નેટવર્કમાં અન્ય કોણ સંડોવાયેલું છે તે અંગે તપાસ ચાલી રહી છે.

# માસૂમના મોત પર 'મોટા માથા'નો પડદો? તપાસની ગતિ ફાઈલમાં જ રહી જશે?



નિઝામપુરાની જાણીતી ખાનગી શાળામાં ફૂટબોલ રમતી વખતે વીજ કરંટ લાગતાં માસૂમ વિદ્યાર્થીના મોતની ઘટના બાદ તંત્ર દોડતું થયું હતું. પોલીસ પહોંચી, શિક્ષણ વિભાગે તપાસ શરૂ કરી અને વીજ કંપનીની ટીમે પણ સ્થળ તપાસ્યું. થોડા સમય માટે લાગ્યું કે હવે જવાબદારો સુધી કાયદાનો હાથ પહોંચશે. પરંતુ ત્યારબાદ જાણે તપાસની ગાડીનું બ્રેક જ ખેંચાઈ ગયું હોય!

લૂઝ વાયર અને ખુલ્લા વીજ જોડાણો રિપેર થઈ ગયા, સ્થળ 'સુરક્ષિત' બની ગયું અને હવે સૌથી મોટો સવાલ એ છે કે તપાસ ક્યાં પહોંચી? પોલીસનો રિપોર્ટ ક્યાં છે? શિક્ષણ વિભાગની તપાસનું શું થયું? વીજ સુરક્ષા ઓડિટ થયું કે નહીં? સવાલો ઘણા છે, જવાબો ક્યાંય દેખાતા નથી.

શહેરમાં આ મામલે 'ઉપરથી દબાણ' હોવાની વાતો ચાલી રહી છે. જો ખરેખર કોઈ દબાણ હોય તો તે વધુ ગંભીર બાબત છે. કારણ કે અહીં વાત કોઈ સામાન્ય ફાઈલની નથી, એક બાળકના જીવનની છે.

વાલીઓનો સવાલ પણ સીધો છે–નિયમો સૌ માટે સમાન છે કે શાળાના નામ અને ઓળખ પ્રમાણે તેની તીવ્રતા બદલાય છે?

જો સામાન્ય શાળામાં ઘટના બની હોત તો કદાચ નોટિસ, તપાસ, જવાબદારી અને કાર્યવાહીનો વરસાદ પડી ગયો હોત. અહીં તો વરસાદ પડ્યો, વીજળી પણ પડી... પણ તપાસની ફાઈલ જાણે હજુ 'સૂકી' જ છે!

હવે તંત્રએ સ્પષ્ટ કરવું જોઈએ કે તપાસની સ્થિતિ શું છે, જવાબદારી કોની છે અને કાર્યવાહી ક્યારે થશે. કારણ કે એક માસૂમનું જીવન પાછું આવી શકતું નથી, પરંતુ તેના મોતમાંથી બીજા બાળકોની સુરક્ષા ચોક્કસ સુનિશ્ચિત કરી શકાય છે.

સવાલ માત્ર એક શાળાનો નથી–સવાલ છે કે બાળકોની સુરક્ષા સામે કોઈ 'મોટું નામ' ખરેખર મોટું છે?

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

## પંચનિષ્ઠા અને એકાત્મ માનવવાદ સામે કાર્યકરોનો સવાલ– "પદનો ઉપયોગ કેવી રીતે કરવો એ શીખવશો?"



પ્રદેશ ભાજપ દ્વારા સમગ્ર ગુજરાતમાં કાર્યકરો માટે અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા ભાજપનો અભ્યાસ વર્ગ સોખડા ખાતે યોજાયો હતો. હેતુ હતો કાર્યકરોને વિચારધારા, સંગઠન અને પક્ષની નીતિઓ અંગે માર્ગદર્શન આપવાનો.

પરંતુ ચર્ચા એવી છે કે કેટલાક કાર્યકરોને આ અભ્યાસ વર્ગમાં જવા કરતાં પોતાના "અગત્યના કામો" વધારે અગત્યના લાગ્યા. પરિણામે કેટલાકે તો વર્ગમાં જોડાવાનો જ ઈનકાર કરી દીધો.

જે કાર્યકરો સોખડા પહોંચ્યા, તેમની વચ્ચે પણ બૌદ્ધિક સત્રોને લઈને કાનાફૂસી શરૂ થઈ હોવાની ચર્ચા છે. પંચનિષ્ઠા, એકાત્મ માનવવાદ અને સંગઠનની વિચારધારા જેવી બાબતો પર લાંબા પ્રવચનો સાંભળતાં કેટલાક કાર્યકરોને કદાચ લાગ્યું હશે કે, "આમાં આપણું શું?"

વ્યંગની વાત તો એ છે કે જો બૌદ્ધિકમાં એવું કોઈ સૂત્ર આપવામાં આવતું કે "પદ મળ્યા પછી ઝડપથી કમાણી કેવી રીતે કરવી?", તો કદાચ પાછળની પંક્તિઓ પણ આગળની પંક્તિમાં આવીને બેસી જાય

અભ્યાસ વર્ગ માટે કાર્યકરોને બસમાં લઈ જવાની અને રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ ચર્ચા એવી પણ છે કે કેટલાક મોટા નેતાઓએ પોતાની કાર બહારથી બોલાવી રાખી હતી અને રાત્રિ રોકાણ કર્યા વિના જ રવાના થઈ ગયા અને કદાચ આખા આયોજનનો સૌથી મોટો પાઠ પણ અહીં જ છુપાયેલો છે:

વિચારધારાનો અભ્યાસ બધાએ કરવો, પરંતુ વ્યવહારુ રાજકારણનો 'સિલેબસ' દરેકે પોતપોતાની રીતે તૈયાર કરી લીધો છે!

હવે જો પક્ષ આગામી અભ્યાસ વર્ગમાં "પંચનિષ્ઠા" સાથે થોડું 'પદનિષ્ઠા' અને 'જવાબદારીનિષ્ઠા'નું પ્રેક્ટિકલ સેશન પણ રાખે તો કદાચ કાર્યકરોની હાજરી વધુ રસપ્રદ બની શકે!

## વડોદરા-હાલોલ હાઈવે પર ચાલુ ટ્રક ભડભડ સળગી ઊઠતા દહેશત



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા-હાલોલ એક્સપ્રેસ હાઈવે પર આજે ચાલુ ટ્રકમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી હતી. જોતજોતામાં આખી ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાને પગલે અન્ય વાહનચાલકોમાં પણ ગભરાટ ફેલાયો હતો. સાવચેતીના ભાગરૂપે હાઈવેનો વાહનવ્યવહાર થોડા સમય માટે અટકાવી તમામ વાહનોને સર્વિસ રોડ પરથી ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આગના ચોક્કસ કારણની જાણ થઈ નથી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. આગને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાતા વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વડોદરામાં વીજ આગનો કહેર: ટ્રાન્સફોર્મર અને વાયરો ભડભડ સળગ્યા

# એસટી ડેપો પાસે ટ્રાન્સફોર્મરમાં ધડાકા સાથે આગ, પ્રસંગમાં આવેલા લોકો બહાર દોડી આવ્યા

**ખંડેરાવ** માર્કેટમાં વીજ વાયરોમાં આગથી ધુમાડાના ગોટેગોટા, ખુલ્લા વાયરોના જાળાને લઈને વેપારીઓમાં રોષ





(પ્રતિનિધિ) વડોદરા તા.23

શહેરમાં આજે વીજ આગની બે અલગ-અલગ ઘટનાઓથી ભારે દોડધામ મચી હતી. સેન્ટ્રલ એસટી ડેપો નજીક શેરા હોટલ પાસે વીજ ટ્રાન્સફોર્મરમાં શોર્ટ સર્કિટ બાદ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગ વિકરાળ બનતાં આસપાસ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. નજીકની ફરામજી ચાલીના રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. હોટલમાં ચાલી રહેલા માંગલિક પ્રસંગમાં હાજર લોકો પણ ગભરાઈને બહાર દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. આગના કારણે વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાતા અંધારપટ છવાયો હતો. એમજીવીસીએલની ટીમે વીજ પુરવઠો બંધ કરી સમારકામની કામગીરી હાથ ધરી હતી.

બીજી તરફ, શહેરના હાર્દસમા ખંડેરાવ માર્કેટના પાછળના ભાગે વહેલી સવારે વીજ વાયરોમાં શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. તણખા ઉડ્યા બાદ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા અને વાયરો બળીને ખાખ થઈ ગયા હતા. વેપારીઓએ ફાયર બ્રિગેડ અને એમજીવીસીએલને જાણ કરતાં ટીમો તાત્કાલિક દોડી આવી હતી.

વીજ પુરવઠો બંધ કર્યા બાદ ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. વહેલી સવારે ઘટના બનતાં મોટી જાનહાનિ ટળી હતી. જોકે, ખંડેરાવ માર્કેટમાં વર્ષોથી લટકતા ખુલ્લા વીજ વાયરોના જાળાને લઈને વેપારીઓમાં રોષ છે. વારંવાર રજૂઆત છતાં યોગ્ય વ્યવસ્થા ન થતાં આવી ઘટનાઓ સર્જાતી હોવાનો વેપારીઓએ આક્ષેપ કર્યો છે.

## વડોદરા-રત્નાગીરી ટ્રેન કાયમી કરવા મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા બાધા

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાથી રત્નાગીરી વચ્ચે દોડતી ગણપતિ સ્પેશ્યલ ટ્રેનને કાયમી કરવાની માંગ સાથે મહારાષ્ટ્રીયન સમાજે શ્રદ્ધાનો સહારો લીધો છે. અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠન અને સમાજના આગેવાનોએ કાલાઘોડા સ્થિત સાતી આસરા માતાના મંદિરે બાધા રાખી પ્રાર્થના કરી હતી.

આગેવાનોએ જણાવ્યું કે વડોદરા-રત્નાગીરી વચ્ચે હાલ માત્ર તહેવારો દરમિયાન ગણપતિ સ્પેશ્યલ ટ્રેન દોડે છે. ટ્રેનને કાયમી કરવાની માંગ ઘણા સમયથી રેલવે તંત્ર અને જનપ્રતિનિધિઓ સમક્ષ કરવામાં આવી હોવા છતાં નિર્ણય લેવાયો નથી. વડોદરા અને કોંકણ પટ્ટા વચ્ચે મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે. ગણેશોત્સવ, લગ્નપ્રસંગ સહિત અન્ય કારણોસર મુસાફરી કરતા હજારો લોકોને ટ્રેન કાયમી થાય તો લાભ મળશે. ટ્રેન કાયમી થવાથી ગુજરાત-મહારાષ્ટ્ર વચ્ચેના મુસાફરોને પણ મોટી સુવિધા મળશે.

## પ્રદેશ ભાજપ યુવા મોરચાની કમાન હવે 'મહિલા' તરફ? ગુજરાતમાં નવી રાજકીય ચર્ચા



વડોદરા સાંસદ હેમાંગ જોશી રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષ બન્યા અને હવે સ્વાભાવિક રીતે જ સવાલ ઊભો થયો છે–સાહેબની ખુરશી ખાલી થાય તો બેસશે કોણ? ભાજપમાં આ ખુરશી માટે ચર્ચાઓ તેજ બની હોવાનું રાજકીય વર્તુળોમાં કહેવાઈ રહ્યું છે.

જોશી ડિસેમ્બર 2025માં ગુજરાત યુવા મોરચાના અધ્યક્ષ બન્યા હતા અને માત્ર નવ મહિનામાં રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સુધી પહોંચ્યા. એટલે હવે ગુજરાત યુવા મોરચાની ખાલી થનારી ખુરશી માટે દાવેદારોની દોડ શરૂ થાય એ સ્વાભાવિક છે.

ચર્ચામાં રાજકોટના એક મહિલાનું નામ પણ આગળ આવી રહ્યું છે. જો તેમની પસંદગી થાય તો ગુજરાતના યુવા મોરચાની કમાન પહેલી વખત મહિલા નેતાના હાથમાં જવાની નવી રાજકીય 'હિસ્ટ્રી' રચાઈ શકે છે.

હવે સવાલ એ છે કે યુવા મોરચાની ખુરશી ખરેખર યુવાનોની રહેશે કે પછી 'મહિલા સશક્તિકરણ'ના નામે ખુરશી પણ નવી દિશામાં જશે?

અલબત્ત, હાલ આ માત્ર રાજકીય ચર્ચા અને અટકળો છે. અંતિમ નિર્ણય તો ભાજપનું સંગઠન જ કરશે. કેમકે ભાજપ આશ્ચર્ય ન આપે તો જ નવાઈ!

## રૂ. 11 કરોડનો રોડ કોન્ટ્રાક્ટ: "કાળી યાદી" પછી પણ લીલો સિગ્નલ!



વડોદરામાં રૂ. 11 કરોડથી વધુના આરસીસી રોડ કોન્ટ્રાક્ટને લઈને હવે સવાલો એટલા જ મોટા થઈ રહ્યા છે જેટલા રોડના બજેટના આંકડા! એક તરફ પાલિકા વિકાસના રસ્તા બનાવવાની વાત કરે છે, બીજી તરફ વિવાદાસ્પદ એજન્સીઓને ફરી રસ્તો આપવાનો નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે.

મજાની વાત તો એ છે કે જે એજન્સી સામે અગાઉ વિવાદ ઊભો થયો, કોન્ટ્રાક્ટ રદ કરવાની નોબત આવી અને કાળી યાદીમાં હોવાની ચર્ચા થઈ–એ જ એજન્સીને ફરી કામ કેવી રીતે મળ્યું? લાગે છે કે પાલિકાની કોન્ટ્રાક્ટ નીતિમાં "કાળી યાદી"નો અર્થ કદાચ માત્ર કાગળ પરનો રંગ છે!

રૂ. 11 કરોડના રોડમાં નાગરિકોને મજબૂત રોડ મળશે કે પછી માત્ર મજબૂત "સંબંધો"નો લાભ મળશે, તે હવે જોવાનું રહ્યું. કારણ કે રોડના ટેન્ડરમાં ડામર-સિમેન્ટ કરતાં રાજકીય ઓળખાણ વધુ મજબૂત હોવાની ચર્ચા શહેરમાં જોર પકડી રહી છે.

રાજકીય ગલિયારામાં એવી ચર્ચા છે કે કેટલાક પૂર્વ નેતાઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચેના સંબંધો હજુ પણ એટલા જ મજબૂત છે.

સવાલ સીધો છે–કોન્ટ્રાક્ટ રદ કરવો એ જ કાર્યવાહી છે કે જવાબદારી પણ નક્કી થશે? અધિકારીઓથી લઈને નિર્ણય પ્રક્રિયા સુધી તપાસ થશે કે ફરી ફાઈલ એક ટેબલ પરથી બીજા ટેબલ પર ફરતી રહેશે?

નાગરિકો હવે એવું કહેતા થયા છે કે શહેરના રોડમાં ખાડા હોય તો ચાલે, પરંતુ સિસ્ટમમાં ખાડા ન હોવા જોઈએ!

રૂ. 11 કરોડના આ કોન્ટ્રાક્ટમાં જો કોઈ ગેરરીતિ થઈ નથી તો પાલિકાએ દસ્તાવેજો જાહેર કરી તમામ સવાલોના જવાબ આપવા જોઈએ. અને જો ગેરરીતિના પુરાવા મળે તો કોન્ટ્રાક્ટરથી લઈને જવાબદાર અધિકારીઓ સુધી કડક કાર્યવાહી થવી જોઈએ.

અંતે પ્રશ્ન એટલો જ–વડોદરાને સારા રોડ જોઈએ છે કે "સારા સંબંધો" ધરાવતા કોન્ટ્રાક્ટરોના રોડ?

# ગોત્રીની નવનાથ નગર સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

**પાંચ** શખ્સોએ બંધ બંગલાના તાળા તોડ્યા, સમગ્ર ઘટના CCTVમાં કેદ



(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી નવનાથ નગર સોસાયટીમાં વહેલી સવારે ચોરીનો બનાવ સામે આવતા રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. વહેલી સવારે 4 થી 4:30 વાગ્યાના અરસામાં પાંચ જેટલા શખ્સો ચોરીના ઈરાદે સોસાયટીમાં ઘૂસ્યા હતા. તસ્કરોએ અમેરિકામાં રહેતા દંપતીના બંધ બંગલા નંબર-67 ને નિશાન બનાવ્યો હતો. ચોરોએ બંગલાના દરવાજાના નકૂચા અને તાળા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન બાજુના મકાનમાં રહેતા પડોશીએ અવાજ સાંભળી જાગી જતા કોણ છો? એમ પૂછતા ચોરોએ વળતો જવાબ આપ્યો હતો. ત્યારબાદ મહિલા અને તેમના પતિ બહાર જોવા આવતા જ પાંચેય શખ્સો બંગલામાંથી ચોરી કરી કારમાં સવાર થઈ ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ઘટનાની જાણ રહીશો દ્વારા તાત્કાલિક 112 પર કરવામાં આવતા 112ની વાન સ્થળ પર પહોંચી હતી અને ગોત્રી પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. જોકે રહીશોના જણાવ્યા મુજબ, ઘટનાના 2-3 કલાક બાદ પણ ગોત્રી પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો ન હતો, જેને લઈને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. એક તરફ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગના દાવા કરવામાં આવે છે, તો બીજી તરફ ગોત્રી જેવા પોશ વિસ્તારમાં ચોરો બેફામ બનતા રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. સીસીટીવીમાં કેદ થયેલા શખ્સોને વહેલી તકે ઝડપી પાડી સઘન નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે તેવી રહીશોએ માંગ કરી છે.

## વ્રજરાજકુમારજીના સાનિધ્યમાં એકાદશી એવમ પવિત્રા દ્વાદશી

**વડોદરા:** શહેરના વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે પ્રતિ વર્ષે ઉજવાતા અષાઢ શ્રાવણ માસના હિંડોળા મહોત્સવ અંતર્ગત પવિત્રા એકાદશી તથા પવિત્રા દ્વાદશી ના મંગલમય દિવસ ની વ્રજરાજકુમારના મંગલ સાનિધ્યમાં ખૂબ સુંદર ઉજવણી થવા જઈ રહી છે. તા. ૨૪/૮/૨૬ , સોમવાર ના રોજ શ્રીંગાર દર્શન મા સવારે ૧૦.૦૦ કલાકે શ્રી પ્રભુને સુંદર પવિત્રા અર્પણ કરવામાં આવશે. એવમ સાંજે ૭.૦૦ કલાકે સંધ્યા દર્શન મા શ્રી ઠાકોરજી ને પવિત્રા ના કલાત્મક હિંડોળામા ઝુલાવવામાં આવશે. પવિત્રા બારસના દિવસે મહાપ્રભુજી એ સર્વ પ્રથમ, દામોદરદાસ હરસાનીજીને બ્રહ્મસબંધ દિક્ષા આપી હતી, એટલે આ દિવસે "ગુરુકૃપા" દિવસ તેમજ "વૈષ્ણવ સૌભાગ્ય" દિવસ તરીકે ઓળખાય છે. પવિત્રા બારસના મંગલ દિવસે બ્રહ્મસંબંધ દિક્ષા ગ્રહણ કરવાનું, તથા ગુરુને પવિત્રા ધરાવાનું ,પુષ્ટિ માર્ગમાં વિશેષ મહાત્મય છે.

# ફાર્મ હાઉસમાં રાત્રે તલવાર લઈને પાછળ પડ્યો વૃદ્ધ, કેરટેકર યુવતી છત પર ચડી

**અન્ય યુવતીને** લઈને પ્રેમ સંબંધ ધરાવતા વૃદ્ધ અને કેરટેકર વચ્ચે ઝઘડો થયો હતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

કરજણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિના સમયે ફાર્મ હાઉસમાં ફસાઈ ગયેલી 22 વર્ષીય યુવતી માટે 181 અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ મદદરૂ બની હતી. યુવતી છેલ્લા બે વર્ષથી 62 વર્ષીય વ્યક્તિના ઘરે કેરટેકર તરીકે કામ કરતી હતી અને આ દરમિયાન બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. યુવતીને અચાનક પોતાના ઘરે કામ હોવાથી રજા લઈને જવું પડ્યું હતું. આ દરમિયાન 62 વર્ષીય વ્યક્તિએ અન્ય એક મહિલાને કોલ ગર્લ તરીકે પોતાના ઘરે બોલાવી હતી અને ત્રણ વખત તેને બોલાવી લાખો રૂપિયા આપ્યા હોવાનું યુવતીએ જણાવ્યું હતું. આ વાતની જાણ થતાં યુવતી અને વૃદ્ધ ઝઘડા થવા લાગ્યા હતા.

બાદમાં તે વ્યક્તિ યુવતીને પોતાના ફાર્મ હાઉસ પર લઈ ગયો હતો. ત્યાં દારૂના નશામાં ફરી બંને વચ્ચે ઝઘડો થયો હતો. રાત્રિના સમયે વૃદ્ધે તેનુ પર્સ લઈ લીધુ હતુ અને ત્યારબાદ તલવાર લઈને તેની પાછળ મારવા માટે દોડ્યો હતો. ફાર્મ હાઉસ જંગલ વિસ્તારમાં હોવાથી યુવતી ગભરાઈને અંધારામાં સંતાઈ ગઈ હતી. દરમિયાન વ્યક્તિએ ઘરની તેમજ બહારની તમામ લાઈટો બંધ કરી દીધી હતી. યુવતીએ અગાઉ પણ આ વ્યક્તિએ તલવાર વડે તેને ઈજા પહોંચાડી હોવાનું અને તેને ટાંકા આવ્યા હોવાનું જણાવ્યું હતું. રાત્રિના અંધકાર અને જંગલ વિસ્તારના કારણે ડરી ગયેલી યુવતી પોતાનો જીવ બચાવવા માટે બારીના સહારે ઘરની છત પર ચડીને બેસી ગઈ હતી. આ દરમિયાન અચાનક યુવતીને 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર તાત્કાલિક ફોન કરતા ટીમે સૌપ્રથમ યુવતીને વિશ્વાસમાં લઈ શાંતિપૂર્વક ઘર ઉપરથી નીચે ઉતારી હતી.

## દાઉદી વહોરા સમુદાયે મિલાદ-ઉન-નબી પર ભવ્ય જુલૂસ કાઢ્યું





**વડોદરા:** દાઉદી વહોરા સમુદાયે પયગંબર મોહમ્મદ (સ.અ.વ.) ના જન્મજયંતી પ્રસંગે મિલાદ-ઉન-નબીની ઉજવણીમાં વિશ્વભરના મુસ્લિમો સાથે ભાગ લીધો હતો. આ સરઘસમાં વડોદરાના વિવિધ વિસ્તારોમાંથી સમુદાયના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સરઘસની શરૂઆત દાઉદી વહોરા હુસામી મસ્જિદથી થઈ હતી અને માંડવી રોડ, મહાત્મા ગાંધી રોડ અને સંત કબીર રોડ સહિત શહેરના મુખ્ય સ્થળો પરથી પસાર થઈને લાડવાડા ખાતે આવેલી દાઉદી વહોરા મસ્જિદ પર સમાપ્ત થઈ હતી. સ્થાનિક લોકોને મુશ્કેલી ન પડે તે માટે સમુદાયના સ્વયંસેવકોએ ટ્રાફિક અને વ્યવસ્થા જાળવવામાં મદદ કરી હતી. સરઘસમાં પરંપરાગત કમ્યુનિટી બેન્ડ અને શાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

શહેરભરમાં અને વિશ્વભરમાં, દાઉદી વહોરાઓ તેમના સ્થાનિક મસ્જિદો અને કમ્યુનિટી સેન્ટરોમાં 52મા ધર્મગુરુ સ્વર્ગસ્થ હિઝ હોલીનેસ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીનના રેકોર્ડ કરેલા પ્રવચન (વાઈઝ) સાંભળવા એકઠા થયા હતા.

## બરોડા સાયક્લોપીડિયન દ્વારા ૧૩૫ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું



**વડોદરા:** વડોદરાના સયાજી નગર ગૃહ, અકોટા ખાતે બરોડા સાયક્લોપીડિયન દ્વારા અલવી જમાતના ધોરણ ૮થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના વિદ્યાર્થીઓ માટે પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ૧૩૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ માઝુને દાવત સઈદુલ ખૈર ઈમાદુદ્દીને જણાવ્યું કે આજની શિક્ષણ પદ્ધતિમાં ગ્રેડ અને રેન્કને વધુ મહત્વ આપવામાં આવે છે, જીવનની ઓળખ માત્ર માર્ક્સથી થતી નથી. સન્માનિત અતિથિ સ્વાતિબેન બેડેકરે સફળતામાં વડીલોની ભૂમિકા, મહિલા સશક્તિકરણ અને વિદ્યાર્થિનીઓની વ્યક્તિગત સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું. તેજલબેન અમીને જીવનમાં જિજ્ઞાસા, સ્થિતિસ્થાપકતા અને ગુણ જેવા ત્રણ ગુણો જરૂરી ગણાવ્યા. નિશિતાબેન રાજપૂતે દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપી આત્મનિર્ભર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને શિષ્યવૃત્તિ તથા ફી સહાય અંગે માહિતી આપી હતી.

## શાસ્ત્રોક્ત સ્વરૂપ સાથે ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું અનોખું સર્જન

**વડોદરા:** ગુજરાત માટીકામ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત મૂર્તિકાર પ્રતિમા શાહ દ્વારા પર્યાવરણમિત્ર અને શાસ્ત્રોક્ત ગણેશ મૂર્તિઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. બજારમાં માટીની અનેક ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ જોવા મળે છે, પરંતુ પ્રતિમા શાહની મૂર્તિઓમાં ભગવાન ગણેશજીના શુકનવંતા સ્વરૂપનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.



મૂર્તિના નિર્માણમાં એક સ્વરૂપની એક જ મૂર્તિ, પ્રાકૃતિક રંગો, ધાર્મિક દૃષ્ટિકોણ મુજબ રંગકામ અને વિશિષ્ટ આસન જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે. પ્રસન્ન અને સ્મિતભરી મુખમુદ્રા સાથે ભગવાનના અંગોનું નિર્માણ પણ શાસ્ત્રોક્ત વર્ણન મુજબ કરવામાં આવે છે. મૂર્તિઓના વાઘા, સાફા અને અલંકારો પ્રતિમા શાહ પોતે તૈયાર કરી શણગાર કરે છે. તેમની વિશિષ્ટ કારીગરીને કારણે રાજ્ય સરકાર દ્વારા અનેક વખત સન્માનિત કરવામાં આવ્યા છે અને માસ્ટર આર્ટિસ્ટ તરીકે પણ પસંદગી થઈ છે. ગણેશ મૂર્તિઓ ઉપરાંત પ્રતિમા શાહ વારલી પેઈન્ટિંગ, મડ મિરર, પિથોરા, મધુબની, ચાકો પેઈન્ટિંગ, માટીની વોલપીસ, બાંબુ અને ગ્રાસ વર્ક જેવી વિવિધ લોકકલામાં પણ નિપુણતા ધરાવે છે. તેમની બનાવેલી મૂર્તિઓ ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં પહોંચે છે.

## બ્રહ્માકુમારી દ્વારા મેગા રક્તદાન શિબિર : ૧૮૦ યુનિટ રક્ત એકત્ર

વડોદરા, તા. ૨૩ ઓગસ્ટ: વિશ્વ બંધુત્વ દિવસ તથા બ્રહ્માકુમારી સંસ્થાની વરિષ્ઠ રાજયોગિની દિદી પ્રકાશમણીજીની ૧૯મી પુણ્યસ્મૃતિ નિમિત્તે મંજલપુર સ્થિત બ્રહ્માકુમારી સેન્ટર ખાતે બ્રહ્માકુમારી ધીરજબેનના માર્ગદર્શન હેઠળ મેગા સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાઈ હતી. શિબિરમાં કુલ ૧૮૦ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. 'રક્તદાન એ મહાદાન'ના સંદેશ સાથે યોજાયેલી શિબિરમાં મંજલપુરના



નાગરિકો તેમજ બ્રહ્માકુમારી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે વડોદરા શહેરના મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કાઉન્સિલર કેતનભાઈ પટેલ, કાઉન્સિલર માધવીબેન ગાયકવાડ તથા સિનિયર ટેક્સ કન્સલ્ટન્ટ અને એડવોકેટ દીપકભાઈ અમીન વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો.આ પ્રસંગે મહાનુભાવોએ જણાવ્યું હતું કે રક્તદાન માત્ર સેવાકાર્ય નથી, પરંતુ જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવાનું મહાન માનવતાવાદી કાર્ય છે. દરેક સ્વસ્થ નાગરિકે સમયાંતરે સ્વૈચ્છિક રક્તદાન કરવું જોઈએ.